ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# ચરોતરમિત્ર

૮ | સોમવાર ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ | આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | વીરપુર | સંતરામપુર

# ઠાસરાના વલ્લવપુરામાં મનરેગાના કામોમાં મોટો ભ્રષ્ટાચાર, કામ કર્યા વિના ર.૭૮ લાખનું બિલ પાસ

**સીસી** રસ્તો હોવા છતાં પેવર બ્લોક નાંખ્યાનું કાગળ પર દર્શાવી કૌભાંડ આચરાયું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૩

ઠાસરા તાલુકાના વલ્લવપુરા ગામમાં મનરેગા યોજના હેઠળ વિકાસના કામોમાં મસમોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ગામમાં પેવર બ્લોકના રસ્તાનું કોઈ જ કામ કર્યા વગર સરકારી ચોપડે લાખો રૂપિયાનો ખર્ચ પાડી દઈને મળતિયાઓએ રકમ ચાઉં કરી લીધી છે. આ મામલે જાગૃત નાગરિક દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી સ્થળ તપાસની માંગ કરવામાં આવી છે. વલ્લવપુરા ગામમાં ગ્રામ પંચાયત કચેરીની પાછળ આવેલ નવીનગરીમાં મૂળજીભાઈના ઘરથી ડાહ્યાભાઈના ઘર સુધી પેવર બ્લોક નાંખવાનું કામ મનરેગા યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યું હતું. સરકારી રેકર્ડ મુજબ આ કામ વર્ષ ૨૦૨૧-૨૨ માં પૂર્ણ થયેલું દર્શાવવામાં આવ્યું છે. જોકે વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આ ફળિયામાં પહેલેથી જ સિમેન્ટ કોન્ક્રીટનો એટલે કે સીસી રસ્તો બનેલો છે અને ત્યાં પેવર બ્લોક લગાવવાની કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિક તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી માત્ર કાગળ પર જ પેવર બ્લોકનું કામ પૂર્ણ થયેલું દર્શાવી દેવામાં આવ્યું છે. એસેટ રજિસ્ટરની વિગતો તપાસતા આ પેવર બ્લોકના કામ પેટે મટીરીયલના 240175 રૂપિયા અને મજૂરીના 38014 રૂપિયા મળીને કુલ 278189 રૂપિયાનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. આમ સ્થળ પર એક પણ ઈંટ કે પેવર બ્લોક મૂક્યા વગર જ આખી રકમનું બારોબાર સગેવગે કરી દેવામાં આવ્યું છે. ગ્રામ પંચાયતના કેટલાક ભ્રષ્ટ બાબુઓએ સરકારી તિજોરીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો હોવા છતાં ઉચ્ચ અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

### જૂનો બનેલો સીસી રસ્તો પણ બિસ્માર

ફરિયાદ સાથે રજૂ કરાયેલા દસ્તાવેજો અને સ્થળ પરના વીડિયોથી કૌભાંડની પોલ ખુલી ગઈ છે. ફળિયામાં બનાવેલો જૂનો સીસી રસ્તો પણ બિસ્માર હાલતમાં છે અને ઠેરઠેર ખાડા તથા પાણી ભરાયેલા જોવા મળે છે. પંચાયત દ્વારા ઉઘરાવાતા વેરાની પહોંચમાં પણ સંબંધિત મિલકતની વિગતો સ્પષ્ટ હોવા છતાં વિકાસના નામે માત્ર કાગળ પર જ કામગીરી દેખાડીને ગેરરીતિ આચરવામાં આવી છે.

### અન્ય કામોમાં પણ ભ્રષ્ટાચાર

વલ્લવપુરા ગામમાં માત્ર પેવર બ્લોકના રસ્તામાં જ નહીં પરંતુ અન્ય કામોમાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાની રજૂઆત થઈ છે. મનરેગા યોજના હેઠળ અમૃત સરોવરનું કામ અર્જુનભાઈના ફળિયામાં બોર અને પમ્પિંગ મશીનરીનું કામ જશવંતભાઈના ફળિયામાં હેડપંપનું કામ તેમજ ગૌચરમાં વનીકરણના કામમાં પણ નાણાંની ઉચાપત થઈ છે. આ તમામ કામો માત્ર કાગળ પર જ બોલે છે.

સમગ્ર કૌભાંડ અંગે ગામના જ એક જાગૃત નાગરિક વિજયકુમાર ચૌહાણે ઠાસરા તાલુકા પંચાયતમાં પુરાવા સાથે લેખિત ફરિયાદ આપી છે.

### સંત રવિદાસજીની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે સમરસતા શોભાયાત્રા





સંત શ્રી રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત બોરસદ તાલુકાના જંત્રાલ ગામ ખાતે આયોજિત ભવ્ય કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સમરસતા, સમાનતા અને સેવા જેવા પૂજ્ય ગુરુ રવિદાસ મહારાજના મહાન વિચારોને જનજન સુધી પહોંચાડવા તથા સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવનાને વધુ પ્રબળ બનાવવાનો આ પવિત્ર સંકલ્પ છે.

# નડિયાદ રામદેવ મંદિર સામે રીક્ષા ચાલક પર ચપ્પુથી હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૩

નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં આવેલ રામદેવ મંદિર સામે ગઈકાલે રીક્ષા ચાલક રીક્ષા નહિ ઉભો હતો ત્યારે જૂની અદાવત રાખી રીક્ષા ચાલક પર યુવકે ચપ્પુથી હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ પીજ રોડ પર આવેલ વાઘેલા નગર, ધ્રુવ પાર્ક સોસાયટી સામે રહેતા અરવિંદભાઈ બુધાભાઈ વાઘેલા રીક્ષા ચલાવી પરિવારનું જીવન નિર્વાહ કરે છે. ગઈ તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ અરવિંદભાઈ સવારના દસેક વાગ્યે રીક્ષા લઈ નડિયાદ પીજ રોડ રામદેવપીર મંદિર સામે ઊભો હતો તે વખતે તેમના મિત્ર રમેશ બાબુભાઈ ગોહેલનો દીકરો બલરામ ઉર્ફે બલ્લો અરવિંદભાઈ પાસે આવી અમારા વિસ્તારના આગેવાનો બાબતે ગમે તેમ બોલતો હોય તેને આગેવાનો બાબતે ગમે તેમ બોલવાની ના પાડી હતી જેથી તે બોલાચાલી કરી જતો રહ્યો હતો.બાદમાં તે દિવસે તું શું કહેતો હતો તેમ કહી રીક્ષા ચાલકને ચપ્પાનો એક ઘા પેટમાં છાતીના નીચેના ભાગે મારી દીધો હતો જેથી બૂમો પાડતા આજુબાજુના માણસો આવી જતા બલરામ ઉર્ફે બલ્લો ત્યાંથી નાસી ગયો હતો.આ હુમલાની જાણ થતા અરવિંદભાઈનો દીકરો નિસર્ગ તથા ભત્રીજો વિક્રમ તથા રવિએ દોડી આવી રીક્ષા ચાવક અરવિંદભાઈ ને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા આ બનાવ અંગે રીક્ષા ચાલકની ફરિયાદ આધારે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ઈરાદાપૂર્વક કોર્ટમાં નાસતો-ભાગતો રહેતા કોર્ટે તેનો ઉલટતપાસનો હક બંધ કર્યો

# કપડવંજમાં ર.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

**વળતર પેટે** રૂ. ૨.૫૦ લાખ ચૂકવવા અને આરોપી ગેરહાજર રહેતા સજા વોરંટ કાઢવા કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૩

કપડવંજ કોર્ટમાં ચાલી ગયેલા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ (ચેક બાઉન્સ)ના એક કેસમાં બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી યુ.એસ. કાલાણીની કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને રૂ. ૨,૫૦,૦૦૦ વળતર ચૂકવવાનો મહત્વપૂર્ણ હુકમ કર્યો છે.કેસની વિગત મુજબ,કપડવંજના મોટા નાગરવાડા સામે રહેતા ફરિયાદી વિનસ કાંતીલાલ જયસ્વાલ પાસેથી મિત્રતા અને ધંધાકીય જરૂરિયાત માટે રંગીલાપોળ, ધોળીકુઈ ખાતે રહેતા આરોપી પ્રશાંતકુમાર મહેન્દ્રકુમાર સોનીએ કટકે-કટકે રૂ. ૫,૫૦,૦૦૦ મેળવ્યા હતા. જે નાણાંની પરત ચુકવણી પેટે આરોપીએ એચડીએફસી બેંકનો રૂ. ૨,૫૦,૦૦૦ નો ચેક આપ્યો હતો.

આ ચેક બેંકમાં રજૂ કરતાં "અપૂરતા ભંડોળ' (Funds Insufficient) ના શેરા સાથે પરત ફર્યો હતો.ચેક રિટર્ન થયા બાદ કાયદેસરની ડિમાન્ડ નોટિસ આપવાછતાં આરોપીએ રકમ ન ચૂકવતા ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.

કેસ ચાલવા પર આવતા આરોપી ઈરાદાપૂર્વક કોર્ટમાં ગેરહાજર રહીને નાસતો-ભાગતો રહેતા કોર્ટે તેનો ઉલટતપાસનો હક બંધ કર્યો હતો. કોર્ટે તમામ પુરાવા અને દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને કલમ-૧૩૮ હેઠળ દોષિત ઠરાવી ૧ વર્ષની કેદ અને ૩૦ દિવસમાં રૂ. ૨,૫૦,૦૦૦ ફરિયાદીને ચૂકવવા આદેશ કર્યો છે.

જો આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદ ભોગવવી પડશે. ચુકાદા વખતે આરોપી હાજર ન હોવાથી કોર્ટે તેની સામે સજા વોરંટ પણ જારી કર્યું છે.

# સાઠંબાના ઈન્દ્રાણ કંપામાં શિક્ષિકા પર અત્યાચાર

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

વિરપુર તાલુકાના નૂરપુર ગામની મૂળ વતની ૪૨ વર્ષીય રેખાબેનના લગ્ન ૨૦૦૫ માં રાજેન્દ્રસિંહ કુબેરસિંહ ચૌહાણ (રહે. ઈન્દ્રાણ કંપા, તા. સાઠંબા, જી. અરવલ્લી) સાથે થયા હતા. રેખાબેનને શિક્ષિકા તરીકે નોકરી મળ્યા બાદ પતિ દારૂ પીને નાની બાબતોમાં ગાળો બોલી મારઝૂડ કરી શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. વર્ષ ૨૦૨૨ માં પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોવાની જાણ થતાં સાસુ રાધાબેન અને સસરા કુબેરસિંહે પણ પરિણીતાને સહકાર આપવાને બદલે ઘરમાંથી કાઢી મૂકી હતી. પતિ છેલ્લા બે વર્ષથી અન્ય મહિલા સાથે રહેતો હોવાનું અને તેનાથી સંતાન હોવાના પુરાવા પણ પરિણીતાએ રજૂ કર્યા છે. મહિસાગર મહિલા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ખંભાતના સલમાનપાર્કમાં એલસીબીની મેગા રેઈડ

**ગોડાઉન અને** કારમાંથી ૧૦.૨૧ લાખનો વિદેશી દારૂ, ચોરાઉ સાયલેન્સર અને ૫૦૦ લીટર ડીઝલ પકડાયું

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

આણંદ એલસીબી પોલીસે ખંભાતના કતકપુર રોડ સ્થિત સલમાન પાર્ક સોસાયટીમાં સંયુક્ત રેઈડ કરીને વિદેશી દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવાની સાથે ચોરીના સામાનનો મોટો જથ્થો પણ ઝડપી લીધો છે.

એલસીબી પોલીસે બાતમીના આધારે સલમાન પાર્ક સોસાયટીના મકાન નંબર ૭૫ પર દરોડો પાડતાં શાહરૂખ ગુલામ મોહમ્મદ વ્હોરા હાજર મળ્યો હતો. આરોપીના ઘર, નજીકના ગોડાઉન તેમજ બોગસ નંબર પ્લેટ (GJ-૦૬ -HD-૪૫૫૬, સાચો નંબર GJ-૧૬-CB-૧૩૫૪) લગાવેલી મારૂતિ અર્ટિગા કારમાંથી વિવિધ વિદેશી દારૂની કુલ ૪,૧૩૬ બોટલ/ટીન (કિંમત ૧૦,૨૧,૫૬૦) મળી આવી હતી. આ ઉપરાંત ફાર્મહાઉસના પતરાવાળા શેડમાંથી અગાઉ ચોરી કરેલા ૮ નંગ ઈકો કારના સાયલેન્સર, સાયલેન્સર કાપવાના ઓજારો, દિલ્હી પાસિંગની ચોરાઉ નિશાન ટેરેનો કાર અને ૫ પ્લાસ્ટિકના પીપમાંથી ૫૦૦ લીટર શંકાસ્પદ ડીઝલ મળી આવતા BNSS કલમ ૧૦૬ મુજબ અલગ કાર્યવાહી કરાઈ છે. પોલીસે શાહરૂખ વ્હોરાની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર આશિફ ઉર્ફે રૂપાલ અય્યુબ વ્હોરા અને નડિયાદના અફસારહુસેન ઉર્ફે ગનીને વોન્ટેડ જાહેર કર્યા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદમાં સંજીવની ટ્રસ્ટ દ્વારા મેગા રક્તદાન શિબિરમાં ૪૭૧ યુનિટ રક્ત એકત્ર યોજાઈ

**આણંદ |** સંજીવની ટ્રસ્ટ, આણંદ દ્વારા ડી.એન. હાઈસ્કૂલ ખાતે વિવિધ સામાજિક સંસ્થાઓના સહયોગથી ભવ્ય મેગા રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. આ માનવસેવાના મહાયજ્ઞમાં સ્વૈચ્છિક રક્તદાતાઓના ઉત્સાહને કારણે કુલ ૪૭૧ યુનિટ રક્ત એકત્ર કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થાઓ તરફથી ખાદ્ય તેલ, કોફી ફ્લાસ્ક અને છત્રી જેવી ઉપયોગી ભેટો એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રક્તદાનને 'મહાદાન' ગણાવી સેવાકીય પ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી.



### આણંદમાં બ્રહ્માકુમારીઝ દ્વારા 'વ્યસનમુક્તિ પ્રતિજ્ઞા અભિયાન': યુવા શક્તિમાં જાગૃતિનો સંદેશ



**આણંદ |** બ્રહ્માકુમારીઝ પ્રભુ સ્મૃતિ, આણંદ દ્વારા વિવિધ શૈક્ષણિક અને સંસ્થાઓમાં યુવાનોને સ્વસ્થ જીવન તરફ પ્રેરિત કરવા "વ્યસનમુક્તિ પ્રતિજ્ઞા અભિયાન" ચલાવવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને વ્યસનથી થતા શારીરિક અને માનસિક નુકસાન સમજાવી, તેમને જીવનભર વ્યસનથી દૂર રહેવા માટેના સંકલ્પ લેવડાવવામાં આવે છે. સામરખા, ચીખોદરા હાઈસ્કૂલ અને એગ્રીકલ્ચર યુનિવર્સિટી જેવી અનેક સંસ્થાઓના સહયોગથી યુવાનો પોતાની શક્તિનો રાષ્ટ્રના વિકાસમાં સકારાત્મક ઉપયોગ કરે તેવું માર્ગદર્શન અપાય છે. સમાજમાં જાગૃતિ લાવી વ્યસનમુક્ત ભારતના સંકલ્પને સાકાર કરી રહી છે.

### વલ્લભ વિદ્યાનગરમાં યુવાનોએ વ્યસનમુક્તિના શપથ સાથે 'બ્લુ અવર રન' લગાવી

**આણંદ |** રાજયોગ એજ્યુકેશન અને યુથ વિંગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં યુવાનોને સકારાત્મક અને નશામુક્ત ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવા ૩ કિમીની ભવ્ય દોડ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવભાઈ જસાણી અને મહાનુભાવોએ યુવાનોને વ્યસનથી દૂર રહી ૨૦૪૭ સુધીમાં ભારતને સફળતાના શિખરે પહોંચાડવા આહ્વાન કર્યું હતું. ૭૦૦થી વધુ યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ભારતને વ્યસનમુક્ત બનાવવાની પ્રતિજ્ઞા લીધી અને 'યુથ સે નો ટુ ડ્રગ્સ' ફિલ્મ દ્વારા જાગૃતિ મેળવી હતી. આ દોડના અંતે સ્પર્ધકોનું ગુલાબની પાંખડીઓથી સ્વાગત કરવામાં આવ્યું હતું.



### કપડવંજ રત્ન પૂ. આનંદ સાગર સૂરીશ્વરજી મહારાજની ૧૫૨મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી

**કપડવંજ |** કપડવંજના દલાલવાળા સ્થિત સ્મૃતિ મંદિરે સંવત ૨૦૮૨ અષાઢ વદ-અમાસના રોજ શ્રી આગમપુરુષ તથા ગુરુમૂર્તિનો અભિષેક અને ૪૫ આગમની વિશેષ પૂજા સંપન્ન થઈ હતી. વિશ્વવિભૂતિ અને આગમોદ્ધારક પૂજ્યશ્રીના ૧૫૨માં જન્મદિન નિમિત્તે વિવિધ ભક્તિસભર ધાર્મિક અનુષ્ઠાનોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીવદયાના કાર્ય રૂપે પાંજરાપોળમાં પશુઓને ઘાસચારો અર્પણ કરીને પુણ્યશાળી ભક્તો દ્વારા ગુરુ વંદના કરવામાં આવી હતી. સમાજ સેવાના ભાગરૂપે જરૂરિયાતમંદ ગરીબ લોકોને ભોજન કરાવીને પરોપકારની ભાવના સાથે આ પવિત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



### વડતાલ ખાતે ખેડા જિલ્લા ભાજપનો ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજાયો



**નડિયાદ |** વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે ભાજપ દ્વારા ત્રિદિવસીય પંડિત દિનદયાળ પ્રશિક્ષણ મહાભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ વર્ગમાં કાર્યકર્તાઓને સંગઠન મજબૂત કરવા અને તેમની ભૂમિકા અંગે માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રમુખ નયનાબેન પટેલ અને વિવિધ ધારાસભ્યો સહિતના અનેક હોદ્દેદારો હાજર રહ્યા હતા. કાર્યકર્તાઓને વધુ સક્રિય તથા સક્ષમ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સેવાલિયા ખાતે વૈષ્ણવ સમાજ દ્વારા હરિયાળી અમાસ નિમિત્તે પર્ણના હિંડોળાના દર્શન યોજાયા

**સેવાલિયા |** ગળતેશ્વર તાલુકાના સેવાલિયા મથકે વૈષ્ણવ સમાજ મહિલા મંડળ અને મંદિર દ્વારા હરિયાળી અમાસથી હિંડોળા ઉત્સવનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અવસરે કુદરતી સૌંદર્યના પ્રતીક સમાન લીલા પાન અને વૃક્ષોની કલમો દ્વારા મનોહર હિંડોળાની વિશેષ સજાવટ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ આ પવિત્ર હિંડોળાના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી અને હવેથી દરરોજ વિવિધ પ્રકારના હિંડોળા સજાવવામાં આવશે. હિંડોળા દર્શન માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને દર્શનાર્થીઓનો પ્રવાહ દિન-પ્રતિદિન સતત વધી રહ્યો છે.



### સરદાર પટેલ યુનિવર્સિટીના હિન્દી વિભાગ દ્વારા મુન્શી પ્રેમચંદ જયંતિની ઉજવણી કરાઇ

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના હિન્દી વિભાગ દ્વારા નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે સન્માન કાર્યક્રમ અને પ્રેમચંદ જયંતિની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મુખ્ય વક્તા ડો. સામંત ભાઈએ 'પ્રેમચંદનું જીવન અને રચના' વિષય પર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને લેખકના મૂલ્યો જીવનમાં ઉતારવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પ્રેમચંદના સાહિત્યની પ્રાસંગિકતા પર વિચારો વ્યક્ત કર્યા હતા, તેમજ વિદ્યાર્થીઓએ સાહિત્યિક ચાર્ટ અને રંગોળી પણ તૈયાર કરી હતી. વિભાગાધ્યક્ષ ડો. સીમાબેન રાઠોડના સ્વાગત પ્રવચન અને ડો. અનિલાબેન, ડો. પાર્વતીબેન તથા ડો. જાલમસિંહના માર્ગદર્શન હેઠળ આ આયોજન સફળ રહ્યું હતું.



### કપડવંજની સી.ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ગૌરી વ્રત નિમિત્તે ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી.ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ગૌરી વ્રત નિમિત્તે ધોરણ ૧ અને ૨ ના ૪૦ જેટલા બાળકો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાળકોએ ડોક્ટર, સૈનિક, ખેડૂત અને વિવિધ રાષ્ટ્રપ્રેમીઓ જેવા પ્રેરણાદાયી પાત્રોના વેશ ધારણ કરી મંચ પર પોતાની કલા અને અભિવ્યક્તિનું ઉત્સાહપૂર્વક પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકોમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા અને મંચ પર નિર્ભયતાથી રજૂઆત કરવાની ક્ષમતાનો વિકાસ કરવાનો હતો, જે તેમના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

### મહુધામાં ખેડૂતો અને ગ્રાહકો માટે પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરાયો

**મહુધા |** મહુધા ખાતે ખેડૂતોને પોષણક્ષમ ભાવ અને નાગરિકોને ઝેરમુક્ત ગુણવત્તાસભર આહાર મળે તે હેતુથી પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરાયો છે. આ કેન્દ્રનું ઉદ્ઘાટન એપીએમસી ચેરમેન નિલેશભાઈ પટેલ અને મહુધા નગરપાલિકા પ્રમુખ રૂપેશભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. અહીં સ્થાનિક ખેડૂતો દ્વારા ઉત્પાદિત શાકભાજી, અનાજ, કઠોળ, ફળો અને દૂધની વિવિધ પેદાશોનું સીધું વેચાણ કરવામાં આવશે. રાજ્ય સરકારની આ પહેલથી ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક વધશે અને 'ખેડૂત સમૃદ્ધિ અને સ્વસ્થ સમાજ'નો સંકલ્પ સાકાર થશે.



### આણંદના નાવલી એનસીસી એકેડમી ખાતે અગ્નિશમન અને બચાવ કામગીરીની તાલીમ યોજાઈ

**આણંદ |** કરમસદ - આણંદ ફાયર બ્રિગેડ દ્વારા 4 ગુજરાત બટાલિયન એનસીસી એકેડમી, નાવલી ખાતે ૪૦૦ જેટલા કેડેટ્સ અને કર્મચારીઓ માટે ફાયર અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ સબ ફાયર ઓફિસર વિશાલસિંહ અને ટીમ દ્વારા આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ અને રેસ્ક્યુ કામગીરીની ઊંડાણપૂર્વક સમજૂતી અપાઈ હતી. તાલીમ દરમિયાન NCC કેડેટ્સને અગ્નિશામક યંત્રોનો ઉપયોગ અને બિલ્ડિંગમાં સ્થાપિત ફિક્સ ફાયર સિસ્ટમ વિશે પ્રેક્ટિકલ નિદર્શન દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.




### સરદાર પટેલ યુનિવર્સિટી બેડમિન્ટન સ્પર્ધામાં SVICAની ટીમ ઉપવિજેતા બની

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી આયોજિત આંતર-કોલેજ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ૧૭થી વધુ ટીમો વચ્ચે વાસદની SVICA ટીમે પ્રથમવાર ફાઈનલમાં પહોંચી ઉપવિજેતાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. કેપ્ટન આદિત્ય વેલાણીના નેતૃત્વમાં ટીમે શાનદાર રમત રમી ક્વાર્ટર ફાઈનલમાં કપડવંજની ટીમ અને સેમીફાઈનલમાં BJVM ને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પી.જી. ડિપાર્ટમેન્ટ સામેની અત્યંત રોમાંચક અને રસાકસીભરી ફાઈનલ મેચના અંતે SVICAની ટીમ રનર-અપ જાહેર થઈ હતી. આ સિદ્ધિ બદલ SVITના અધ્યક્ષ ભાવેશભાઈ પટેલ અને યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડિરેક્ટરના હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી એનાયત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

